પેટ્રોલના ભાવમાં લીટરદીઠ ૧.૫૫નો વધારો

નવી દિલ્હી,તા. ૧૪

ડોલરની સરખામણીમાં રૂપિયો ઘટી જતા પેટ્રોલના ભાવમાં ફરી એકવાર વધારો ઝીંકી દેવામાં આવ્યો છે. ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ તીવ્ર મોંઘવારી વચ્ચે આજે ફરી એકવાર પેટ્રોલના ભાવમાં લીટરદીઠ ૧.૫૫નો વધારો કર્યો હતો. આ ભાવ વધારો જુદા જુદા રાજ્યોમાં લોકલ સેલ્સટેક્સ અથવા વેટ સિવાયનો ભાવ વધારો છે. જુદા જુદા રાજ્યોમાં વેટ અને સેલ્સટેક્સને ઉમેરવામાં આવે તો ભાવ વધારો આનાથી પણ ઉંચો જોવા મળશે જેથી સામાન્ય લોકો પર વધુ બોજ રહેશે. એક અંદાજ મુજબ પેટ્રોલની કિમતમાં લોકલ ટેક્સ અને વેટ સિવાયનો વધારો ૧.૫૫નો છે પરંતુ ગુજરાતના જુદા જુદા ભાગોમાં વેટને ગણવામાં આવે તો પેટ્રોલની કિમતમાં લીટરદીઠ વધારો ૧.૯૫ની આસપાસ રહેશે. આનો મતલબ એ થયો કે અમદાવાદમાં પેટ્રોલની કિંમત લીટરદીઠ ૭૨.૦૬થી વધીને હવે ૭૪.૦૦ થશે. જ્યારે રાજકોટમાં કિંમત ૭૩.૨૫ થઈ જશે. મુંબઈમાં પેટ્રોલની નવી કિંમત લીટરદીઠ ૭૭.૪૪ થશે.

આ ભાવ વધારો તાત્કાલિક ધોરણે અમલી બનાવી દેવામાં આવ્યો છે. ઓઈલ કંપનીઓ દ્વારા છેલ્લા બે મહિનામાં ચોથી વખત ભાવ વધારો કરવામાં આવ્યો છે. જૂન મહિનામાં ત્રણ વખત પેટ્રોલની કિમતમાં વધારો કરવામાં આવ્યો હતો જેના ભાગરૂપે જૂન મહિનામાં પહેલી, ૧૬મી અને ૨૯મી જૂનના દિવસે ક્રમશઃ ૦.૭૫, ૨ અને ૧.૮૨નો ભાવ વધારો કરવામાં આવ્યો હતો. ઓઈલ માર્કેટિંગ કંપનીઓ માટે પેટ્રોલની કિંમતમાં વધારો કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પો રહ્યા નથી કારણકે ડોલર સામે રૂપિયો હાલ ૬૦ની આસપાસ રહ્યો છે. વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમત પ્રતિ બેરલે ૧૦૨ ડોલર સુધી પહોંચી છે. ઓઈલ કંપનીઓએ છ સપ્તાહમાં ચોથી વખત ભાવ વધારો ઝીંકી દીધો છે. આ વાસ્તવિક વધારો લોકલ ટેક્સના આધાર પર દરેક શહેરમાં વધારે રહેશે. દિલ્હીમાં પેટ્રોલની કિંમત ૧.૮૬ રૂપિયા વધીને સોમવારથી હાલમાં ૬૮.૫૮ની સામે ૭૦.૪૪ થઈ ગઈ છે. પેટ્રોલની કિંમતમાં ઓઈલ કંપનીઓએ વારંવાર હાલમાં વધારો ઝીંક્યો છે. દરેક પખવાડિયામાં કિંમતોમાં ફેરફાર કરવાની પરંપરાના ભાગરૂપે આ સુધારા થઈ રહ્યા છે. સુધારાની પ્રક્રિયાનો દિવસ



મંગળવારે હતો.પરંતુ આ વખતે એક દિવસ પહેલા જ ભાવવધારો કરવામાં આવ્યો છે જો કે ડિઝલની કિંમતમાં કોઈ ફેરફાર કરાયો નથી. મહિનાના અંત સુધી ડિઝલની કિંમતમાં પણ વધારો કરાય તેવી શક્યતા દેખાઈ રહી છે. અત્રે ઉલ્લેખનીય છે કે જુન ૨૦૧૦માં પેટ્રોલની કિંમત પરથી સરકારે પોતાના નિયંત્રણો દૂર કરી લીધા હતા ત્યારબાદથી પેટ્રોલની કિંમત માર્કેટના આધાર પર પેટ્રોલિયમ કંપનીઓ દ્વારા નક્કી કરવામાં આવે છે જો કે ડિઝલ, કેરોસિન, એલપીજીની કિંમતો સરકારના અંકુશમાં રહેશે. તેલ કંપનીઓ દર બે સપ્તાહમાં પેટ્રોલની કિમતની સમિક્ષા કરે છે. આ કંપનીઓ સમિક્ષાના ગાળા દરમિયાન ડોલરની સરખામણીમાં રૂપિયાની સ્થિતિ શું રહે છે તેના પર નજર રાખે છે. આંતરરાષ્ટ્રીય બજામાં ક્રૂડ ઓઈલની કિમતો કઈ ગતિથી વધી છે અથવા ઘટી છે તેના આધારે પોઈન્ટના આધાર પર કંપનીઓ પેટ્રોલ અને ડિઝલની કિમતો નક્કી કરે છે. ડિઝલની કિમતમાં પણ વધારો કરવાની તૈયારી કરી છે જો કે આ વધારો કેટલો થશે તેનો કોઈ નિર્ણય કરાયો નથી.

ભારતના કુલ ૪૩૧૮૦ વર્ગ કિમી ક્ષેત્ર પર ચીનનો કબજો

નવી દિલ્હી,તા. ૧૪

વર્ષ ૧૯૬૨ બાદથી ચીને ભારતના ૪૩૧૮૦ વર્ગકિલોમીટર ક્ષેત્ર પર કબજો ગેરકાયદેરીતે જમાયેલો છે. સરહદી વિવાદો સાથે સંકળાયેલા મામલાઓના સમાધાન માટે વર્ષ ૧૯૮૮માં બંને દેશો વચ્ચે સંયુક્ત કાર્યજૂથની રચના કરવામાં આવી હતી છતાં ચીન તરફથી વારંવાર વાસ્તાવિક અંકુશરેખાનો ભંગ કરવામાં આવી રહ્યો છે જેના પરિણામ સ્વરૂપે આ દિશામાં ૨૫ વર્ષથી જારી પહેલ પર પણ પ્રશ્નો ઉભા થયેલા છે. આરટીઆઈ હેઠળ વિદેશ મંત્રાલય પાસેથી પ્રાપ્ત અહેવાલમાં જણાવવામાં આવ્યુ છે કે ૧૯૬૨ બાદથી ચીને ભારતના જમ્મુ કાશ્મીર ક્ષેત્રમાં પશ્ચિમી ક્ષેત્રમાં ૩૮૦૦૦ વર્ગકિલોમીટર જમીન પર કબજો જમાવેલો છે. બીજી બાજુ પાકિસ્તાને ચીન-પાકિસ્તાન સરહદી સમજૂતિ ૧૯૬૩ હેઠળ ચીનને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરનો ૫૧૮૦ વર્ગકિલોમીટર ક્ષેત્ર આપી દીધો છે. લડાખ ક્ષેત્રમાં ચીની સેનાની આ વર્ષ એપ્રિલ મહિનામાં ઘૂસણખોરી અંગે પૂછવામાંઆવતા

મંત્રાલયે કહ્યુ છે કે છઠ્ઠી મે ૨૦૧૩ના દિવસે ભારત અને ચીનની સરકારે પશ્ચિમી સેક્ટરમાં વાસ્તવિક અંકુશ રેખા પર ૧૫મી એપ્રિલ ૨૦૧૩થી અગાઉની સ્થિતિ જાળવી રાખવા પર સહમતિ વ્યક્ત કરી હતી આ અંગે રૂપરેખા અને અન્ય બાબતો નક્કી કરવા માટે મહત્વની ફ્લેગ મિટિંગો યોજાઈ હતી. ચીનની સેનાએ લડાખના ચૂમાર સેક્ટરમાં ઘૂસણખોરી કરીને કેટલાક બંકરોને તોડી પાડ્યા હતા આ ઉપરાંત સરહદી ક્ષેત્રોમાં લાગેલા કેમેરાઓના તાર કાપી નાંખ્યા હતા. આ ઘૂસણખોરી ૧૭મી જૂનના દિવસે થઈ હતી. આ વર્ષે ૧૫મી અપ્રિલના દિવસે લડાખના દોલતબેગ ઓલ્ટી સેક્ટરમાં ચીની ઘૂસણખોરીના કારણે બંને દેશો વચ્ચે રાજકીય મડાગાંઠ ઉભી થઈ ગઈ હતી જે ૨૧ દિવસ સુધી ચાલી હતી. પાંચમી મેના દિવસે સમજૂતિ થયા બાદ આનો અંત થયો હતો. આરટીઆઈ હેઠળ મળેલી માહિતી મુજબ વારંવાર શાંતિ જાળવી રાખવાના પ્રયાસો કરાયા છે. વિવાદોને ઉકેલવા માટે ૧૬ રાઉન્ડની બેઠકો યોજાઈ ચુકી છે. ૨૮મી અને ૨૯મી જૂનના દિવસે છેલ્લી બેઠક યોજાઈ હતી. છેલ્લા ૨૫ વર્ષથી સરહદી વિવાદને ઉકેલવા વાતચીત ચાલી રહી છે.

એરલાઈન્સને તેમના તમામ ભાડાઓની જાણ કરવી પડશે

નવી દિલ્હી,તા. ૧૪

એરલાઈન્સ માટે કેટલીક નક્કર જોગવાઈ ટુક સમયમાં અમલી બનાવવામાં આવનાર છે. જેના ભાગરૂપે તમામ એરલાઈનને તેમના તમામ ભાડાની વિગતો જાહેર કરવી પડશે. કેરિયર્સને તમામ પ્રાઈઝ બેન્ડમાં વેચવામાં આવેલી સીટ અંગે પણ માહિતી જાહેર કરવી પડશે. નવા ધારાધોરણના પરિણામે એરલાઈન્સને કેટલી સીટ કઈ કિંમતે વેચી તેની વિગતો આપવી પડશે. મળેલી માહિતી મુજબ નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા એક આર્થિક સેલની રચના કરવામાં આવનાર છે. જે સેલ એરલાઈન્સ પાસેથી તમામ માહિતી ભાડા અને સીટ અંગે મેળવશે અને ત્યારબાદ આ વિગતો જાહેર કરશે. જો એક એરલાઈન કહે છે કે તે લોકોને ૨૦૦૦ અને ૩૦૦૦માં ટિકિટ આપે છે તો આ રકમમાં કેટલી સીટ આપવામાં આવી છે તેની વિગતો પણ લોકો પાસે જસે. નાગરિક ઉડ્ડયન પ્રધાન અજિત સિંહ દ્વારા આ મુજબની વાત કરવામાં આવી છે. નવા સેલને બે સપ્તાહમાં એક્ટિવેટ કરી દેવામાં આવશે. આ સેલ એરલાન્સિ પાસેથી તમામ આંકડા મેળળશે. અમે જુદી જુદી કિમતે કેટલી ટિકિટો વેચવામાં આવી છે તે અંગેની જાણ લોકોને કરીશુ. આ હિલચાલ એવા સમય પર આવી છે જ્યારે લો કોસ્ટ કેરિયર એર એશિયા પોતાની સેવા ભારતમાં લોંચ કરવાની યોજના ધરાવે છે. એર એશિયાની એન્ટ્રી થયા બાદ બજારમાં જોરદાર સ્પર્ધા થવાની શક્યતા છે. કારણકે તે સસ્તા દરે ટિકિટ ઉપલબ્ધ કરાવનાર છે. એરલાઈન્સ દ્વારા આ હિલચાલનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. દરેક એરલાઈન દરેક રૂટ માટે જુદા જુદા ભાડાના સ્તર ધરાવે છે. નામ જાહેર નહી કરવાની શરતે એક એરલાઈનના અધિકારીએ આ મુજબની માહિતી આપી હતી. ડિરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશને આશરે ચાર વર્ષ પહેલા એરલાઈનને દર મહિને દરેક રૂટ પર ભાડાના સ્તર અંગે જાણ કરવા કડક સુચના આપી હતી. હવે ફરી એકવાર જોરદાર આદેશ કરવામાં આવ્યો છે. એરલાઈન્સને તમામ પ્રકારની વિગતો તૈયાર કરી લેવી પડશે. આવનાર દિવસોમાં તમામ એરલાઈન્સ વિમાની યાત્રીઓને આકર્ષિત કરવા માટે નવી આકમક યોજના બનાવે તેવી શક્યતા દેખાઈ રહી છે.

સોનાની કિંમત નવેમ્બર અને ડિસેમ્બરમાં વધે તેવા એંધાણ

નવી દિલ્હી,તા. ૧૪

ઉદ્યોગ સંસ્થા એસોચેમે એક

અભ્યાસમાં જણાવ્યું છે કે વર્તમાન નાણાંકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળામાં સોનાની આયાત નીચી રહેવાની શક્યતા છે. સોનાની આયાતને રોકવા માટે હાલમાં સરકાર દ્વારા લેવામાં આવેલા પગલાંઓની સીધી અસર થઈ છે. જો કે કિંમતી મહેતલની આયાત નવેમ્બર બાદ વધી શકે છે. કારણ કે એ વખતે માંગમાં વધારો થશે. લગ્નની સિઝન અને તહેવારો પણ આવી પહોંચશે. આ બે સિઝનમાં સોનાની આયાત હમેશા વધે છે. કારણ કે લોકોની માંગણીમાં વધારો થઈ જાય છે. સરકાર અને આરબીઆઈએ સોનાની આયાતને ઘટાડવા માટે આયાત ડ્યુટીમાં વધારો કરવા ઉપરાંત ઘણા બધા પગલાં લીધા છે. વર્તમાન ખાતાકીય ખાદ્યને અંકુશમાં મૂકવા માટે સરકારે સોનાની આયાતને રોકવા પગલાં લીધા હતા. વર્તમાન નાણાંકીય વર્ષના પ્રથમ બે મહિનામાં સોનાની આયાત ખૂબ ઊંચી રહી હતી પરંતુ સરકારે જૂનમાં આના ઉપર બ્રેક મૂકવાનો નિર્ણય કર્યો હતો જેથી આયાતમાં ડ્યુટીમાં વધારો કર્યો હતો. ભારત વિશ્વના સૌથી મોટા સોનાના વપરાશકાર દેશ તરીકે છે. ભારત વર્તમાન નાણાંકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૩૩૫ ટન સોનાની આયાત કરી ચૂક્યું છે. એવો અંદાજ છે કે સોનાની માગ નવેમ્બરથી વધી જશે. અને સોનાની કિંમત નવેમ્બર-ડિસેમ્બરના ગાળા દરમિયાન પ્રતિ ૧૦ ગ્રામ ૨૮૦૦૦ રૂપિયાની આસપાસ પહોંચી શકે છે. ત્યાં સુધી સોનાની કિંમત પ્રતિ ૧૦ ગ્રામ ૨૬૫૦૦થી ૨૭૫૦૦ વચ્ચે રહે તેવી શક્યતા છે. રૂપિયા પર સતત દબાણની સ્થિતી જોવા મળી રહી છે. ડોલરની સામે રૂપિયામાં ઘટાડો થયા બાદ તમામ ચીજવસ્તુઓની કિંમત પર તેની અસર જોવા મળી રહી છે. અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે કેટલાક નિયંત્રણો હાલમાં લાગુ કરવામાં આવ્યા છે. જાણકાર નિષ્ણાંતોનુ કહેવુ છે કે ફુગાવા આધારિત બોન્ડમાં રોકાણ અને અન્ય રોકાણમાં લોકો પાસે પુરતી માહિતી નહી હોવાથી સોનાની માંગ હમેંશા રહે છે. ભારતમાં મધ્યમ આવક ધરાવતા રોકાણકારો માટે સોનાને સૌથી આદર્શ રોકાણ ગણે છે.

૧૬૦ વર્ષ જૂની ટેલિગ્રામ સેવા ઈતિહાસ બની ગઈ

નવી દિલ્હી,તા.૧૪

ભારતની ૧૬૦ વર્ષ જૂની ટેલિગ્રામ સેવા આજથી ઈતિહાસ બની ગઈ છે. ટેલિગ્રામ સેવા ૧૬૦ વર્ષથી ચાલી રહી હતી. આ ટેલિગ્રામના લીધે લાખો લોકોને ખુશીના અને દુઃખના સંદેશાઓ મળ્યા હતા. મોટાભાગે લોકો દુખદ સમાચારો જ ટેલિગ્રામ મારફતે મોકલતા હતા. જેથી ટેલિગ્રામ આવતાની સાથે જ લોકોમાં વાંચતા પહેલાં જ ચિંતાનું મોજું ફરી વળતું હતું. રવિવારના દિવસે આજે છેલ્લા ટેલિગ્રામ મોકલવામાં આવ્યા હતા. ૧૬૦ વર્ષ જૂની ટેલિગ્રામ સેવા બંધ કરવાનો નિર્ણય હાલમાં જ કરવામાં આવ્યો હતો. આ સર્વિસને બંધ કરવાનો નિર્ણય ભારત સંચાર નિગમ લિમિટેડે કર્યા બાદ ટેલિગ્રામ સર્વિસ રોકી દેવામાં આવી છે. આજે આ સર્વિસ સવારે ૮ વાગે કરી હતી અને છેલ્લો ટેલિગ્રામ નવ વાગ્યા પહેલા મોકલવામાં આવ્યો હતો. સરકારી ટેલિકોમ કંપની બીએસએનએલએ મહેસૂલમાં ઉલ્લેખનીય ઘટાડો થયા બાદ આ સેવાને બંધ કરી દીધી છે. મોબાઈલના સમયમાં ટેલિગ્રામની સેવા નિષ્ફળ સાબિત થઈ છે જેના

લીધે તેને બંધ કરવાનો નિર્ણય કરાયો છે. ટેલિગ્રામ સર્વિસ મારફતે વાર્ષિક રીતે ૭૫ લાખ રૂપિયા ઉભા થઈ રહ્યા હતા જ્યારે તેને ચલાવવાનો અને જાળવણીનો ખર્ચ ૧૦૦ કરોડ રૂપિયાથી વધુનો થઈ રહ્યો હતો.

દેશમાં મોબાઈલ ફોન અને ઈન્ટરનેટની ક્રાંતિ આવી ગયા બાદ ટેલિગ્રામનો ઉપયોગ લગભગ બંધ થઈ ગયો હતો. દિલ્હીમાં બીએસએનએલના સૂત્રોએ કહ્યું છે કે વાણિજ્ય રીતે આ સેવા હવે ચાલુ રાખી શકાય તેમ નથી. સૂત્રોનું કહેવું છે કે મહેસૂલી આવકમાં સતત ઘટાડો થઈ રહ્યો હતો. મે ૨૦૧૧માં સરકારે ટેલિગ્રામના ચાર્જમાં સુધારો કર્યો હતો. ૬૦ વર્ષના લાંબાગાળા બાદ ટેલિગ્રામના ચાર્જમાં સુધારો કરવામાં આવ્યો હતો. ચાર્જમાં વધારો કરાયો હોવા છતાં વધુ આવક ઊભી થઈ રહી ન હતી. ઈનલેન્ડ સર્વિસ માટે ટેલિગ્રામના ચાર્જ પ્રતિ ૩/૫૦, ૪/૫૦થી વધારીને ૨૭/૫૦ કરવામાં આવ્યો હતો.બે મહિના અગાઉ વિદેશી ટેલિકોમ્યુનિકેશન માટે ટેલિગ્રામ સર્વિસ બીએસએનએલ દ્વારા પાછી ખેંચી લેવામાં આવી હતી.

સમાચાર ઝલક

- ♥ ઉત્તરપ્રદેશમાં પુરનો કેટલાય જિલ્લાઓમાં પ્રકોપ.
- ♥ હિમાલય પ્રદેશ, ધર્મશાળા વિસ્તારમાં ભૂકંપનાં આંચકા.
- ♥ રાજકોટમાં બી.આર.ટી.એસ.ના કર્મચારીઓ સુરક્ષાના મુદ્દે હડતાળ પર.
- ♥ ભારે વરસાદથી અમદાવાદ-મુંબઇ રેલ વ્યવહારને અસર થઇ.
- ♥ ૧૬મી જુલાઇ સુધી ઉત્તરપ્રદેશ અને ઉત્તરાખંડમાં ભારે વરસાદની આગાહી.
- ♥ અભિનેત્રી શ્વેતા તિવારી - અભિનય કોહલી સાથે લગ્નગ્રંથિએ જોડાઇ.
- ♥ મોસ્કોમાં બસની ટક્કરથી ૧૮ વ્યક્તિઓનાં મોત.
- ♥ અમદાવાદની શારદા વિદ્યાવિહાર શાળામાંથી ૮ લાખનો ચોરી.
- ♥ તમીલનાડુમાં નવું બનેલું પરમાણુ વિદ્યુત મથક બે-ત્રણ અઠવાડિયામાં વીજ ઉત્પાદન શરૂ કરશે.
- ♥ ચીનમાં પૂર-વરસાદથી ૫૦થી વધુ વ્યક્તિઓનાં મોત.
- ♥ તાઇવાનમાં વરસાદને કારણે ૪૦,૦૦૦ ઘરોમાં અંધારપટ.
- ♥ ઇરાકમાં કાફેમાં ઇફ્તાર પાર્ટી વખતે બોંબ વિસ્ફોટથી ૪૭ વ્યક્તિઓનાં મોત.
- ♥ રેલકૌભાંડમાં મીડીયા પાસે પુરતાં પુરાવા છે તેવો ખુલાસો...
- ♥ મુંબઇ-દિલ્હીમાં આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી...
- ♥ અફઘાનિસ્તાનની ખનીજ ખાણો પર ચીનની નજર.
- ♥ ભારતની સરહદે ચીનની ઘૂસણખોરી, ચાલુ યુદ્ધવિરામનો વારંવાર ભંગ.
- ♥ વરસાદથી પાણીની આવક વધવાથી, વાસણા બેરેજના દરવાજા ખોલવામાં આવ્યા.
- ♥ સજા પામેલા સાંસદ/ધારાસભ્યોની માહિતી એકત્ર કરતું ચૂંટણી પંચ.

ઇક્વિટીમાં એલઆઇસી ૪૦,૦૦૦ કરોડ રોકશે

નવી દિલ્હી,તા. ૧૪

દેશની સૌથી મોટી વીમા કંપની એલઆઈસી કારોબારમાંઆગળ વધવાના હેતુથી પ્રિમિયમ એકત્રિત કરવામાં ધ્યાન આપી રહી છે. એલઆઈસી ઈક્વિટીમાં ૪૦૦૦૦ કરોડનુ રોકાણ કરવાની યોજના ધરાવે છે. એલઆઈસી આ વર્ષે ૨.૨૫ લાખ કરોડ રૂપિયાનુ કુલ રોકાણ કરવાની યોજના ધરાવે છે. જે પૈકી ૪૦૦૦૦ કરોડની રકમ ઈક્વિટીમાં રોકવામાં આવનાર છે. એલઆઈસીમાં લોકોનો વિશ્વાસ અકબંધ રહ્યો છે. જ્યારે પણ સારી તકો મળે છે ત્યારે જ અમે રોકાણ અંગે નિર્ણય કરીએ છીએ. આવી સ્થિતીમાં ભવિષ્યમાં પણ લાંબા ગાળાની રોકાણ યોજના પર ધ્યાન કેન્દ્રિત કરીશુ. એલાઈસીના નવા ચેરમેન એસ કે રોય સામે કેટલીક પ્રાથમિકતા રહેલી છે. વિકાસ અમારી પ્રથમ પ્રાથમિકતા છે. સરકાર એલઆઈસી માટે ઈક્વિટીમાં રોકાણની મર્યાદાને ૩૦ કરવાની યોજના ધરાવે છે તે અંગે પુછવામાં આવતા એલઆઈસીના વડાએ કોઈ સંકેત આપ્યો ન હતો.

મુંબઈમાં મહિલાની હત્યાના કેસમાં ૨૩૩ ટકાનો વધારો

મુંબઈ,તા.૧૪

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં ક્રાઈમના મામલામાં ચિંતાજનક ચિત્ર ઊભરીને સપાટી ઉપર આવ્યું છે. એક વર્ષની અંદર મુંબઈમાં મહિલાઓની હત્યાના કેસોમાં ૨૦૦ ટકાનો ઉલ્લેખનીય વધારો થયો છે. મુંબઈ મહિલાઓ માટે ક્રાઈમ સિટી તરીકે ઊભરી આવી છે. ૨૦૧૧માં નવની સરખામણીમાં ૨૦૧૨માં આંકડો વધીને ૩૦ ઉપર પહોંચ્યો છે. આનો મતલબ એ થયો કે ૨૩૩ ટકા જેટલો વધારો થઈ ચૂક્યો છે. મે ૨૦૧૩ સુધીના આંકડા ઉપર નજર કરવામાં આવે તો ૧૭ કેસો નોંધાઈ ચૂક્યા છે. આ વર્ષે કેસોની સંખ્યામાં વધુ વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. વર્ષ ૨૦૦૮ અને મે ૨૦૧૩ વચ્ચેના ગાળામાં મુંબઈ શહેરમાં ૮૧ મહિલાઓ, ૬૬ બાળકો અને ૯૯૨ પુરુષોની હત્યા કરવામાં આવી ચૂકી

છે. રાજ્ય વ્યાપી આંકડા ઉપર નજર કરવામાં આવે તો નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના આંકડામાં જણાવવામાં આવ્યું છે કે મહારાષ્ટ્રમાં દર મહિને સરેરાશ ૮૩ મહિલાઓ અને યુવતીઓની હત્યા કરવામાં આવી રહી છે. સતત પાંચમાં વર્ષમાં મહિલાઓની હત્યાના મામલામાં મહારાષ્ટ્ર રાજ્ય સૌથી ઉપર છે. ૨૦૦૮ અને ૨૦૧૨ વચ્ચેના ગાળામાં મહારાષ્ટ્રમાં ૫૧૫૮ મહિલાઓની હત્યા કરવામાં આવી ચૂકી છે. ક્રાઈમ સાથે સંકળાયેલા નિષ્ણાંતો, સાઈકોલોજીના નિષ્ણાંતો અને તપાસકારોનું કહેવું છે કે પ્રેમ સંબંધો,લગ્ન બાદના સંબંધો અને નિષ્ફળ સંબંધોના પરિણામ સ્વરૂપે મહિલાઓની મુખ્ય રીતે હત્યા થઈ છે. તાજેતરમાં જ પમી જુલાઈની રાત્રે કન્ઝુમાર્ગમાં બોયફ્રેન્ડ દ્વારા ૧૯ વર્ષની એક ગૃહિણીની હત્યા કરી દીધી હતી. ક્રાઈમમાં વધારો થવા માટે અન્યો પણ કારણો જવાબદાર છે. અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૦૮ અને ૨૦૧૨ વચ્ચેના ગાળામાં રાજ્યમાં મહિલાઓની હત્યા થઈ હતી તેની વય ૨૬૧૪ કેસોમાં ૧૮થી ૩૦ વર્ષની રહી હતી જ્યારે ૩૦થી ૫૦ વર્ષની વયમાં ૧૫૮૧ કેસો નોંધાયા છે.

કાશ્મીર અને હિમાચલમાં ભૂકંપના આંચકા નોંધાયા

ડોડા,તા. ૧૪

જમ્મુ કાશ્મીરના ડોડા કિસ્ટવાળ પટ્ટામાં ભદરવા ખીણ અને આસપાસના વિસ્તારોમાં ઓછી તીવ્રતાના ભૂકંપના બે આંચકા નોંધાતો લોકોમાં ચિંતાનું મોજું ફળી વળ્યું હતું. લોકો પોતાના ઘરમાંથી બહાર દોડી આવ્યા હતા. પ્રથમ આંચકાની તીવ્રતા રિક્ટર સ્કેર ઉપર ૪.૧ જેટલી આંકવામાં આવી હતી જ્યારે બીજા આંચકાની તીવ્રતા રિક્ટર સ્કેર ઉપર ૨.૯ જેટલી આંકવામાં આવી હતી. ભૂકંપ સાથે સંબંધિત વિભાગે માહિતી આપતા કહ્યું છે કે કોઈપણ નુકસાનના કોઈ સમાચાર હજુ સુધી મળ્યા નથી. પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી છે. જમ્મુ કાશ્મીરમાં વારંવાર ભૂકંપના આંચકા આવે છે. કારણ કે જમ્મુ કાશ્મીર પણ વિશ્વના સૌથી મોટા ભૂકંપ પ્રભાવિત વિસ્તારો પૈકી એક છે. કેટલાક વિસ્તારોમાં મકાનોમાં હળવી તિરાડ હોવાના અહેવાલ મળ્યા છે પરંતુ આને સત્તાવાર માહિતી મળી નથી. બીજી બાજુ હિમાચલ પ્રદેશના કાંગ્રા જિલ્લામાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા છે.

ગ્રામીણ ક્ષેત્રોમાં મહિલા રોજગારીમાં ઘટાડો થયો

નવી દિલ્હી,તા.૧૪

તાજેતરમાં જ કરવામાં આવેલા એક સરકારી સર્વેમાં જણાવવામાં આવ્યું છે કે છેલ્લા બે વર્ષના ગાળામાં ગ્રામીણ વિસ્તારોમાં મહિલા રોજગારીમાં ઉલ્લેખનીય ઘટાડો થયો છે. બીજીબાજુ શહેરી વિસ્તારોમાં મહિલા રોજગારીની સંખ્યામાં વધારો નોંધાયો છે. આંકડા દર્શાવે છે કે ગ્રામીણ મહિલાઓમાં ૯.૧ મિલિયન નોકરી ઘટી રહી છે જ્યારે શહેરી વિસ્તારોમાં સ્થિતિ જુદી છે. અહીં વર્કફોર્સમાં ૩.૫ મિલિયન મહિલાઓ ઉમેરાઈ ગઈ

છે. નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઈઝેશન દ્વારા વર્ષ ૨૦૦૯-૧૦ અને ૨૦૧૧-૧૨માં સતત બે વખત કરવામાં આવેલા સર્વેમાં આ મુજબની બાબત સપાટી ઉપર આવી છે. મોડેથી કરવામાં આવેલા સર્વેના ચાવીરૂપ પરિણામો હાલમાં જ જારી કરવામાં આવ્યા હતા. બંને સર્વેમાં આશરે ૪.૫ લાખ લોકોને આવરી લેવામાં આવ્યા હતા. સર્વે દર્શાવે છે કે ગ્રામીણ વિસ્તારોમાં કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો થઈ રહ્યો છે. ગૌણ કામગીરીમાં વધારો થયો છે. ગ્રામીણ વિસ્તારોમાં મહિલા રોજગારીમાં ઘટાડો ભારતમાં લાંબાગાળાનો પ્રવાહ છે. ઉચ્ચો આર્થિક વિકાસ થયો હોવા છતં આ સ્થિતિ ઊભરીને આવી છે. ત્રણ દશક અગાઉ ૧૯૮૩માં ગ્રામીણ વિસ્તારોમાં આશરે ૩૪ ટકા મહિલાઓ કામ કરતી હતી. આમા ધીમે ધીમે ઘટાડો થયો છે. હવે આ આંકડો ૨૫ ટકા થઈ ગયો છે. છેલ્લા બે વર્ષમાં ઘટાડો સૌથી નોંધપાત્ર અને ચિંતાજનક રીતે રહ્યો છે. આંકડા આ અંગેના સ્પષ્ટ સંકેત આપે છે. ગ્રામીણ વિસ્તારોમાં નોકરીમાં ઘટાડો થવા માટે જે મુખ્ય કારણ છે જેમાં કૃષિમાં ઓછા મૂડીરોકાણની બાબતનો સમાવેશ થાય છે. મહિલા રોજગારીને વધારવા માટેના પ્રયાસો સફળ સાબિત થઈ રહ્યા નથી.